# ફેશન ડિઝાઈનર

ફેશન ડિઝાઈનર્સ વાસ્તવિક કપડાં, એસેસરીઝ અને પગરખા બનાવે છે. તેઓ ડિઝાઈનનો સ્કેચ તૈયાર કરે છે, કાપડ અને પેટર્ન પસંદ કરે છે અને તેઓ જે ઉત્પાદનો ડિઝાઈન કરે છે તે કેવી રીતે બનાવવું તે અંગે સૂચનાઓ આપે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ડ્રોઈંગ કરવાનું પસંદ છે
- તમે સર્જનાત્મક વલણ ધરાવો છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૦,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફેશન ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી (B.Design) મેળવો અને પછી તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતકની ડિગ્રી (M.Design) પ્રાપ્ત કરો.

**અથવા**

ડિઝાઈનને લગતી કોઈપણ વિદ્યાશાખામાં (B.Design)માં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો ત્યારબાદ, ફેશન ડિઝાઈનિંગમાં અનુસ્નાતકની ડિગ્રી (M.Design) મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૪,૮૩૪ થી ૮૨,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Graphic_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બુટિક, ફેશન/ગાર્મેન્ટ હાઉસ, રિટેલ બ્રાન્ડ્સ, એક્સપોર્ટ હાઉસ, ફેશન બ્રાન્ડ્સ, વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો ફેશન ડિઝાઈનિંગ વ્યવસાય કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી ફેશન ડિઝાઈનર → ફેશન ડિઝાઈનર → સિનિયર ફેશન ડિઝાઈનર → ડિઝાઈન લીડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફેશન સ્ટાઇલ એક્સપર્ટ, એપેરલ ડિઝાઈનર, ફેશન ટેકનિશિયન

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજિ, ગાંધીનગર
૨. મહારાજા સયાજીરાય યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
૩. હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, બેંગ્લુરુ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, ભુવનેશ્વર
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, ચેન્નાઈ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, નવી દિલ્હી
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, ગુજરાત
૯. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, હૈદરાબાદ
૧૦. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, રાજસ્થાન

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૨. યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૩. ઉકા તરસડિયા યુનિવર્સિટી, બારડોલી
૪. ઓરો યુનિવર્સિટી, સુરત
૫. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર
૬. બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા
૭. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઇન્દોર
૮. ભારતીય કલા અને ડિઝાઈન સંસ્થાન, નવી દિલ્હી
૯. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૧૦. દયાનંદ સાગર યુનિવર્સિટી, બેંગ્લુરુ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam.2ac.in/cec21_hs14/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**સબ્યસાચી મુખર્જી** એક ભારતીય ફેશન ડિઝાઈનર, જ્વેલરી ડિઝાઈનર, ફૂટવેર રિટેલર છે. જેઓ કોલકાતાના છે. તેઓ ફેશન ડિઝાઈન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના એસોસિયેટ ડિઝાઈનર સભ્યો પૈકીના એક છે અને નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમાના સૌથી યુવા બોર્ડ સભ્ય છે. તેઓ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નોલોજી કોલકાતામાંથી સ્નાતક થયા અને થોડા મહિના પછી 'સબ્યસાચી' નામનું લેબલ શરૂ કર્યું. તેણે વિશ્વભરમાં વિવિધ ફેશન વીકમાં ભાગ લીધો છે અને બોલિવૂડની ઘણી ફિલ્મો માટે કોસ્ચ્યુમ પણ ડિઝાઈન કર્યા છે.*

સ્રોત: https://www.tutorialspoint.com/sabyasachi-mukherjee-a-versatile-fashion-designer

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.